| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫ | ૧૧ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૨૫ | ૧૧ | ૨૦૨૫ |
| **ફેંસલ તારીખ** | 01 | **૦૨** | **૨૦૨૬** |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૦ |

*********************************************************

**પાટણના મે. એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટ, મું. પાટણ.**

*********************************************************

**ફોજદારી કેસ નંબર :- ૩૮૩૫/૨૦૨૫**

**આંક :- ૧૭**

**ફરીયાદી** :- શ્રી સરકાર...

**-:: વિરૂધ્ધ ::-**

**આરોપીઓ:-** (૧) સવાભાઈ માલાભાઈ ચેહરાભાઈ ભરવાડ, ઉ.વ.૪૫,

(૨) બેચરભાઈ માલાભાઈ ચેહરાભાઈ ભરવાડ, ઉ.વ.૪૨,

(૩) સંજુભાઈ ઉર્ફે ભોલો ગોવાભાઈ માલાભાઈ ભરવાડ, ઉ.વ.૨૫,

(૪) સાહિલ બેચરભાઈ માલાભાઈ ભરવાડ, ઉ.વ.૧૮,

તમામ રહે.શ્રમજીવી છાપરા, તા.જી.પાટણ.

**ગુનો :- બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ મુજબ.**

**//ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી//**

**//આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.પી.યોગી//**

**ઠ રા વ**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી પોતાનું એકટીવા નં.જીજે.૨૪.બીઈ.૨૭૯૪ નું લઈ કેસર ભવાની પાર્લર દહી લઈ પરત ઘરે આવતા હતા તે દરમીયાન ભવાની પાર્લર પાસે ફરીયાદીના એકટીવાની સામેથી આ

કામના આરોપી નં.(૧) તથા આરોપી નં.(૨) સાથે આરોપી નં.(૩), (૪) નાઓ આવતાં ફરીયાદીનું એકટીવા આરોપી નં.(૧) ના બાઈકને ટકરાતા આરોપીઓ એકાએક ફરીયાદીને ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ આરોપી નં.(૨), (૩) નાઓએ હાથમાં પહેરેલ કડાથી માથામાં પાછળના ભાગે માર મારી ઈજા કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ છે. આ ગુના બાબતેની ફરીયાદીની ફરીયાદ હકીકતને આધારે પાટણ સીટી બી ડીવીઝન પો.સ્ટે., ગુના રજી. નં.૧૧૨૧૭૦૨૦૨૫૦૭૬૮/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા, તેઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને આંક-૦૪ થી આરોપીઓ સામે ઉપરોકત ગુના અંગેનું તહોમતનામું ફરમાવી અને આંક-૦૫ થી ૦૮ સુધીના આરોપીઓના જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| અનુ. નં. | મૌખિક પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાહુલસિંહ રણજીતસિંહ ઠાકોરની જુબાની | ૧૧ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| અનુ. નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૩ |

| | | |
|---|---|---|
| ૩ | સારવાર સર્ટીફીકેટ | ૧૪ |
| ૪ | મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું | ૧૫ |
| ૫ | કલોઝીંગ પુરસીશ | ૧૬ |

(૪) ઉપરોકત પુરાવા બાદ આરોપીઓનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરતો પુરાવો પડતો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.પી.યોગીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી પોતાનું એકટીવા નં.જીજે.૨૪.બીઈ.૨૭૯૪ નું લઈ કેસર ભવાની પાર્લર દહી લઈ પરત ઘરે આવતા હતા તે દરમીયાન ભવાની પાર્લર પાસે ફરીયાદીના એકટીવાની સામેથી આ કામના આરોપી નં.(૧) તથા આરોપી નં.(૨) સાથે આરોપી નં.(૩), (૪) નાઓ આવતાં ફરીયાદીનું એકટીવા આરોપી નં.(૧) ના બાઈકને ટકરાતા આરોપીઓ એકાએક ફરીયાદીને ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ આરોપી નં.(૨), (૩) નાઓએ હાથમાં પહેરેલ કડાથી માથામાં પાછળના ભાગે માર મારી ઈજા કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કારણો

(૮) **મુદ્દા નં.૧** ::- સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી રાહુલસિંહ રણજીતસિંહ ઠાકોરને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં હાલનો બનાવ આજથી આશરે ચારેક માસ અગાઉ બનેલો તે વખતે રાત્રીના આશરે નવેક વાગ્યાના સુમારે તેઓ તેમનું એકટીવા નં.જીજે.૨૪.બીઈ.૨૭૯૪ નું લઈને પાયલ પાર્ક સોસાયટી કેશરભવાની પાર્લર દહીં લેવા સારુ ગયેલા અને તે વખતે તેઓ તેમનું એકટીવા લઈને નીકળેલા તે વખતે સામેથી શ્રીહોમ સોસાયટી તરફથી આવતા સવાભાઈ ભરવાડનું બાઈક કોઈ કારણસર તેમના એકટીવાને અડી ગયેલ. જેથી તેમની સાથે બીજા એક ઈસમ હોય અને બીજા બાઈકમાં બીજા બે ઈસમો હોય, જેથી તેઓને તેઓની સાથે બાઈક ટકરાવા બાબતે બોલાચાલી થયેલી અને તે વખતે વધુ બોલાચાલી થતાં ત્યાં બીજા લોકો ભેગા થઈ ગયેલા અને તેમને માથાના ભાગે પડી જવાના કારણે ઈજા થયેલી. જેથી તેમણે તેમના પિતાને ફોન કરતાં તેમના પિતા તેમને ઘરે લઈ ગયેલા અને બીજા દિવસે સવારે તેમને માથાના ભાગે દુ:ખાવો થતાં તેમને જનતા હોસ્પિટલ ખાતે લઈ ગયેલા જયાં તેમની સારવાર કરેલી. ત્યારબાદ આ બાબતની તેમણે ફરીયાદ આપેલી. જે આંક-૧૨ થી રજુ કરેલ છે.હાલમાં તેમના પિતા અવસાન પામેલ છે. આમ, સદર ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોઈ ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ તેમાં પણ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી.

વધુમાં ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ રાતના સમયે બનેલો. બનાવ વખતે ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા. તેમનું એકટીવા નમી જતાં તેઓ પડી જતા તેમને સામાન્ય ઈજાઓ થયેલી. હાલના આરોપીઓએ તેમને કોઈ ગાળો આપેલ નથી કે તેમને કોઈ માર મારેલ નથી કે કોઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી.

(૯) આમ, સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા અને ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતાં,

બનાવ રાતના સમયે બનેલો. બનાવ વખતે ત્યાં ઘણા લોકો ભેગા થઇ ગયેલા. તેમનું એકટીવા નમી જતાં તેઓ પડી જતા તેમને સામાન્ય ઇજાઓ થયેલી. હાલના આરોપીઓએ તેમને કોઈ ગાળો આપેલ નથી કે તેમને કોઇ માર મારેલ નથી કે કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ ન હોવાનું કબુલ રાખેલ છે. જેથી આરોપીઓએ ફરીયાદીનું એકટીવા અડી જતાં ગાળો બોલી ઉશ્કેરાઈ ગયેલ હોય કે આરોપી નં.(૨), (૩) નાઓએ હાથમાં પહેરેલ કડાંથી ફરીયાદીને માથામાં પાછળના ભાગે મારેલ ન હોવાનું જ જણાવે છે અને આ કામના આરોપીઓએ ફરીયાદીને કડા વડે માર મારી સ્વેચ્છાપુર્વક સાદી વ્યથા કરેલ હોય કે બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ મારક હથિયાર હોય તેવી હકીકતને ફરીયાદીની જુબાનીથી બીલકુલ સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક-૧૩ થી રજુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક-૧૪ થી સારવાર સર્ટીફીકેટ તથા આંક-૧૫ થી રજુ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે. વધુમાં ફરીયાદ પક્ષ તરફે ગુન્હાવાળી જગ્યા તથા મારક હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં ક્રિમીનલ અપીલ નં.૨૧૦૭-૨૧૨૫/૨૦૧૧, જ્ઞાનસિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને બીજાઓનો ચુકાદો વંચાણે લેતાં, જયારે બંને પક્ષકારો વચ્ચે થયેલ તકરારનો નિકાલ થઈ ગયેલ હોય અને હવે બંને પક્ષકારો વચ્ચે તકરાર રહેતી ન હોઈ તેમજ બંને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. આ કામે મહત્વના એવા ફરીયાદીના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન મળતું ન હોય, ત્યારે સદર સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેઓની સામેના ગુનામાં સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ મહત્વના એવા ફરીયાદીના મૌખિક પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન મળતું નથી, ત્યારે વધુ પુરાવો લેવાથી પણ ફરીયાદપક્ષનો કેસ મજબુત બને તેવા કોઈ સંજોગો જણાતા ન હોઈ અને કોર્ટનો અમુલ્ય સમય બિનજરૂરી સાક્ષીઓ તપાસવામાં ન બગડે તે તમામ સંજોગો ઘ્યાને લઈ, સદર કામે બિનજરૂરી સાક્ષીઓ તપાસવામાં આવેલ નથી અને સદર કામે

ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **હુકમ**

**(૧)** બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી નં.(૧) સવાભાઈ માલાભાઈ ચેહરાભાઈ ભરવાડ, આરોપી નં.(૨) બેચરભાઈ માલાભાઈ ચેહરાભાઈ ભરવાડ, આરોપી નં.(૩) સંજુભાઈ ઉર્ફે ભોલો ગોવાભાઈ માલાભાઈ ભરવાડ, આરોપી નં.(૪) સાહિલ બેચરભાઈ માલાભાઈ ભરવાડ નાઓને બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવો.

**(૩)** આરોપીઓ તર્ફે અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદ્દ કરવામાં આવે છે.

**(૪)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ હેઠળ દરેક આરોપીએ રૂા.૫૦૦૦/– ના જાત મુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજ તા.~~૨૪~~ 03 **મી,** માહે ~~ફેબ્રુઆરી,~~ જુલાઈ સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.~~૨૪~~03/૦૭/૨૦૨૬

પાટણ.

D. M. Chauhan 3/7/26

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**

એડી. ચીફ જયુડી. મેજી.,

પાટણ

Code No.GJ-01006

Seen APP 3.7.26

MVS